ॐ

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ

## જૈનધર્મની બોધ કથા

# દેડકો બન્યો દેવ





## પ્રસ્તાવના

નિજ આત્મસ્વભાવનો મહિમા દેખાડીને, સ્વાનુભવ પ્રગટ કરવાની વિધિ દર્શાવનાર, મુકિતમાર્ગને પ્રકાશનારા પરમોપકારી અધ્યાત્મ મૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ચરણોમાં અત્યંત ભકિતભાવ પૂર્વક મારાં વંદન હો !

'દેડકો બન્યો દેવ' એ કથા રત્નકરંડ શ્રાવકાચાર ગ્રંથમાંથી લીધેલ છે.

નાના બાળકો જૈનધર્મની સત્ય બોધકથાઓ દ્વારા જૈનધર્મના સિધ્ધાંતોને સરળતાથી સમજી શકે તેમજ તેઓમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન થાય એવી ભાવનાથી કથાનું પૂનર્લેખન કરેલ છે.

બાળકોની રસરુચિને ખ્યાલમાં રાખી કથામાં શકય તેટલા રંગીન ચિત્રોનો સમાવેશ કર્યો છે.

કથાનું પૂનર્લેખન કરવામાં ભુલ થઈ હોય તો ક્ષમ્ય ગણશો.

**–ડોલી**

**પ્રાપ્તિ સ્થાનઃ**
**શ્રી ભરતભાઇ ખીમચંદભાઇ શેઠ,**
૫૧, ગેલેક્સી એપાર્ટમેન્ટ, રેસકોર્ષ રોડ, રાજકોટ–૩૬૦૦૦૧.
ફોનઃ ૨૪૭૬૮૬૩ e: dollyjs@ymail.com

**પ્રથમ આવૃત્તિઃ** જાન્યુઆરીઃ ૨૦૧૦

**ગ્રાફીક્સ ડીઝાઇન તથા પ્રિન્ટીંગઃ**
મે. કોમ્પ્યુકૃતી, ૩, શીવમ કોમ્પલેક્ષ, ૨/૧૦, ભકિતનગર સ્ટેશન પ્લોટ,
રાજકોટ–૩૬૦ ૦૦૨. મો.: ૯૭૨૪૫૦૦૧૭૩ e: comkrt@ymail.com

ॐ

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ

# જૈનધર્મની બોધ કથા

## દેડકો બન્યો દેવ



**'રત્નકરંડ શ્રાવકાચાર ગ્રંથના આધારે'**

**પૂનર્લેખનકર્તા :** ડોલી જે. શેઠ

**ચિત્રાંકન :** મુકેશ આર. ડોડીયા




ઘણાં વર્ષો પહેલાની વાત છે. રાજગૃહી નામની નગરીમાં રાજા શ્રેણિક રાજય કરતા હતા. એ નગરમાં નાગદત્ત નામનો એક ધનવાન શેઠ તેની પત્નિ ભવદત્તા સાથે રહેતો હતો.

શેઠને ધર્મના સંસ્કાર જરાય ન હતા. તેનુ ચિત્ત તો હંમેશા વેપાર ધંધા આદિ પ્રવૃત્તીઓમાં જ લાગેલુ રહેતુ. શેઠ કયારેય જિનેન્દ્ર દેવના દર્શન પૂજન કરવા જિનમંદિરે જતો નહીં નિજ આત્માની ઓળખાણ કરવા માટે તેની પાસે ફુરસદ જ ન હતી.

શેઠની આખીયે જિંદગી વધુને વધુ ધન કમાવાના લોભમાં પસાર થઈ ગઈ અને આ પરિણામોના ફળમાં શેઠ મરીને પોતાના જ ઘરની પાછળ આવેલ કુવામાં દેડકો થયો.

**અનાદિકાળથી જીવ પોતાનાં આત્મતત્વને ઓળખ્યા વગર ધન-વૈભવ આદિ બાહ્ય સંયોગોમાંથી જ સુખ મળશે એવી ભ્રમણામાં ચાર ગતિમાં રખડીને દુઃખી થયા કરે છે.**






એક વખત ભવદત્તા શેઠાણી ઘરની પાછળ આવેલ કુવામાં પાણી ભરવા ગઈ. દેડકાએ શેઠાણીને જોઈ. શેઠાણીને જોતાં જ દેડકાને પૂર્વ ભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વ ભવનાં સ્નેહવશ દેડકો કુદકો મારીને જોર જોરથી અવાજ કરતો શેઠાણી પાસે જવા લાગ્યો. શેઠાણીએ તેને વારંવાર પોતાથી દૂર ફેંકી દીધો તો પણ દેડકાએ ફરી ફરીને શેઠાણીની નજીક જવા ઘણાં પ્રયત્નો કર્યા. દેડકાનું આવું વર્તન જોઈ શેઠાણી આશ્ચર્ય પામી અને ત્યાંથી જતી રહી.

**મિથ્યાત્વ અને આત્મસ્વરૂપનાં અજ્ઞાનને લીધે કષાયોનાં ફળમાં જીવ હલકી ગતિને પામે છે.**







એક દિવસ એ નગરમાં સુવ્રત નામના અવધિજ્ઞાની મુનિરાજ પધાર્યા. મુનિરાજે નગરજનોને ઉપદેશ આપ્યો કે ‘‘આ જગતમાં સમ્યક્‌દર્શન જ સર્વ રત્નોમાં સારભૂત રત્ન છે. જિનેન્દ્ર ભગવાને બતાવેલ પોતાના ચૈતન્ય સ્વભાવનું લક્ષ કરી સંસારરૂપી ચાર ગતિનાં દુઃખનો નાશ કરો અને સમ્યકત્વને પામો.’’ મુનિરાજ પાસેથી સમ્યકત્વનો ઉપદેશ પામી સૌ હર્ષ પામ્યા.

ધર્મશ્રવણ કર્યા બાદ શેઠાણીએ મુનિરાજને દેડકા વિશે પૂછયું ત્યારે મુનિરાજે કહ્યું કે ‘‘આખી જિંદગી આર્તધ્યાનના પરિણામો કરી તેના ફળમાં તારો પતિ નાગદત્ત શેઠ જ મરીને કુવામાં દેડકો થયો છે’’.

આ સાંભળી શેઠાણીને ખૂબ આશ્ચર્ય થયું. ત્યારબાદ તે દેડકાને પોતાના પતિનો જીવ જાણી, ઘરમાં લાવી, ખૂબ સ્નેહ પૂર્વક રાખવા લાગી.

**સમ્યગ્દર્શન વિના સંસાર સમુદ્રનો પાર આવે એમ નથી.**





ઘણાં સમય બાદ એ નગરમાં વૈભાર પર્વત પર મહાવીર જિનેન્દ્ર ભગવાનનું સમવસરણ આવ્યું. રાજા શ્રેણિકે આખા નગરમાં આનંદભેરી વગડાવી. સૌ નગરજનો તથા રાજા શ્રેણીક ખૂબ ઉત્સાહ અને ઉલ્લાસ પૂર્વક જિનેન્દ્ર ભગવાનના દર્શન કરવા નિકળ્યા.

**તિર્થંકર ભગવાનની ધર્મસભાની શી વાત ! મનુષ્ય-દેવ-તિર્યંચ સર્વેને ભગવાનની વાણી પોત પોતાની ભાષામાં સમજાઈ જાય એવો અલૌકિક તિર્થંકર ભગવાનની વાણીનો અતિશય હોય છે. વીતરાગી ભગવાનની વાણી ઘણા જીવોને સમ્યગ્દર્શન થવામાં નિમિત્ત થાય છે.**





લોકોનો આવો ઉત્સાહ અને ઉમંગ જોઈ દેડકાને પણ જિનેન્દ્ર ભગવાનનાં દર્શન કરવાની ભાવના જાગી. દેડકો પોતાના મોઢામાં ફૂલ લઈ ઉછળતો – કૂદતો જિનેન્દ્ર ભગવાનનાં દર્શન કરવા ચાલી નીકળ્યો.

**પરિણામોની કેવી વિચિત્રતા છે ! જે જીવે મનુષ્ય પર્યાય તથા બાહ્ય અનુકૂળ સંયોગોમાં આત્માને ઓળખવાની દરકાર કરી નહોતી, તે જીવ તિર્યંચ ગતિમાં દેડકાની પર્યાયમાં ભગવાનના દર્શન કરવા અને વીતરાગી પરમાત્માનું શરણ લેવા ચાલ્યો.**



અરે ! આ શું થયું ! નાનો એવો દેડકો રસ્તામાં રાજા શ્રેણીકના હાથીના પગ નીચે આવી કચડાઈ ને મરી ગયો. જિનેન્દ્ર ભગવાનનાં દર્શન કરવાની દેડકાની ભાવના ફળી નહીં.

**જિનેન્દ્ર ભગવાનનાં દર્શન અને વાણીનો લાભ મળવો દુર્લભ છે. માટે તેને સ્વચ્છંદી થઈને ગુમાવવો નહીં.**





અહો ! જિનેન્દ્ર ભગવાનનાં દર્શન કરવાની ભાવનાના ફળમાં દેડકો મરીને સ્વર્ગનો દેવ થયો.

સૌધર્મ સ્વર્ગમાં દેવ થયેલા એ દેડકાના જીવે અવધિ જ્ઞાન વડે પોતાનો પૂર્વ ભવ જાણ્યો. ભગવાનનાં દર્શન કરવાની ભાવનાના ફળમાં હું આ દેવ ગતિને પામ્યો છું. એમ જિનેન્દ્ર ભગવાનના દર્શનનો મહિમા જાણી, દેડકાનો જીવ અતિ ભકિતભાવ પૂર્વક સ્વર્ગની દૈવી સામગ્રીઓ લઈ મહાવીર ભગવાનનાં સમવસરણમાં દર્શન અને પૂજન કરવા ગયો.

**ભગવાનનું શરણ લેતાં મંદ કષાયનાં ફળમાં જો જીવ સ્વર્ગાદિ પુણ્યના સુખને પામે, તો ચૈતન્ય સ્વભાવનું શરણ લેતાં, ગતિના અભાવમાં જે આત્મિક સુખ મળે તેની તો શું વાત !**

**સ્વર્ગના તેમજ મનુષ્યોના ત્રણ કાળના ઈન્દ્રિય સુખો ભેગા કરો તો પણ તેની બરાબરી સિધ્ધપ્રભુનાં એક ક્ષણનાં સુખ સાથે ન થાય. આત્મિક સુખ અમાપ અને અનંત છે. તેની સાથે તુચ્છ ઈન્દ્રિય સુખોની સરખામણી થઈ જ ન શકે.**





સમવસરણમાં ભગવાનની દિવ્યદવનીમાં આવ્યું કે ‘‘દેહથી ભિન્ન ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા થતાં અનાદિકાળના સંસારનો અંત આવે છે ને જીવ અનંત સુખને પામે છે. સુખ તે આત્માનો સ્વભાવ છે. કોઈપણ સંયોગની અપેક્ષા રાખ્યા વગર જ આત્મા પોતે સ્વભાવથી જ સુખરૂપ પરિણામે છે, માટે પોતાના ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિ કરો.’’

જિનેન્દ્ર ભગવાનની વાણીમાં નિજ આત્માનું સ્વરૂપ સાંભળી દેવ હર્ષ પામ્યો અને સમ્યકત્વ પ્રગટ કર્યું.

અતિ ભકિતભાવપૂર્વક દર્શન પૂજન કરતાં એ દેવને દેખી સમવસરણમાં સૌ વિસ્મય પામ્યા. રાજા શ્રેણીકે દેવને તેનો પરિચય પૂછયો.

અતિ વિનય પૂર્વક પોતાનો પરિચય આપતાં દેવે કહ્યું કે ‘‘હે રાજન ! પૂર્વભવમાં હું આપના જ નગરમાં દેડકો હતો. હું પણ સમવસરણમાં જિનેન્દ્ર ભગવાનનાં દર્શન કરવા જતો હતો એવામાં આપના હાથીના પગ નીચે આવી કચડાઈ ગયો અને મરીને સ્વર્ગનો દેવ થયો છું.’’

આમ દેવનાં મુખેથી જિનેન્દ્ર ભગવાનના દર્શનનો મહિમા જાણી સૌ હર્ષ પામ્યા.

**હે બાળમિત્રો ! તમો પણ દરરોજ જિનેન્દ્ર ભગવાનના દર્શન કરવા મંદિરજીએ જાજો અને ભગવાને બતાવેલા નિજ ચૈતન્ય દેવનું શરણ લેજો.**


**બોધ**

**દેવ – શાસ્ત્ર – ગુરુનું શરણ જ જીવને સુખકારી છે.**

# દેવદર્શનની વિધિ



ઘરેથી નહાઈ, સ્વચ્છ વસ્ત્રો પહેરી નિત્ય મંદિરજીએ આવવું જોઈએ.



જિનમંદિરમાં સ્વચ્છ પાણીથી હાથપગ ધોઈને ભગવાનનો જયજયકાર કરતા અને ત્રણવાર નિઃસહી નિઃસહી બોલતા મંદિરમાં પ્રવેશ કરવો જોઈએ.



ત્યારબાદ ભગવાનની વેદી સામે ૐ જય જય જય નમોસ્તુ નમોસ્તુ નમોસ્તુ અને ણમોકાર મંત્ર અને ચત્તારી મંગલં આદિ પાઠ બોલી જિનેન્દ્ર ભગવાનને અષ્ટાંગ નમસ્કાર કરી ભગવાનની સ્તુતિ બોલતા ત્રણ પ્રદક્ષિણા કરવી જોઈએ અને ફરીને નવવાર નમસ્કારમંત્ર બોલી કાયોત્સર્ગ કરવો જોઈએ. આ રીતે દેવદર્શન કરવા જોઈએ.



ત્યારબાદ શાંતિથી બેસી ઓછામાં ઓછુ અર્ધો કલાક શાસ્ત્ર વાંચન કરવું જોઈએ અને જો મંદિરજીમાં પ્રવચન થતું હોય તો તે સાંભળવું જોઈએ. શાસ્ત્રમાં જે વાંચ્યુ હોય અથવા પ્રવચનમાં જે સાંભળ્યુ હોય તેનું થોડી વાર બેસીને મનન કરવું જોઈએ તથા વિચારવું જોઈએ કે હું કોણ છું? ભગવાન કોણ છે? હું પોતે ભગવાન કેવી રીતે બની શકું?




તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામી